૧૪૨
C

ગ્રા.મં.બા.ગ્રં.
નં. ૬૯

શ્રીદક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા પુસ્તક ૪૩ મું
સંપાદકો : ગિજુભાઈ અને તારાબેન

# કુદરતમાં

: લેખક :
ગિજુભાઈ

1600128

આર. આર. શેઠ ની કું.
ચાર આના.
વધારેલી કિંમત.

૪૩

: પ્રકાશક :
આર. આર. શેઠની કંપની : મુંબઈ

૧૯૪૧

... ત રદ કરી છે.
દોઢ આનો

શ્રી દક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા પુસ્તક ૪૩ મું

સંપાદકો : ગિજુભાઈ અને તારાબેન

શારદા મંદિર
અમદાવાદ.

# કુદરતમાં

: લેખક :

## ગિજુભાઈ

શારદા મંદિર
અમદાવાદ

: પ્રકાશક :

આર. આર. શેઠની કંપની : મુંબઈ-૨

૧૯૪૧

દોઢ આનો

પ્રકાશક
ભુરાલાલ ર. શેઠ
આર. આર. શેઠની કું.
પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઈ ૨

: મુદ્રક :
આનંદપ્રિય આ. પંડિત
લોકસેવા પ્રિં. પ્રેસ
દાંડિયા બજાર, વડોદરા

## અનુક્રમ

| | |
|---|---|
| તારા ચકચકે છે | ૩ |
| ઝાડ હતું | ૫ |
| ટાઢ ઊડી. | ૭ |
| વસંત બેઠી | ૮ |
| વા આવ્યો ને ધૂળ ઊડી | ૧૦ |
| વા વાયા ને વાદળ ઊમટયાં | ૧૩ |
| વરસાદ વરસ્યો ને પૂર આવ્યું | ૧૫ |
| આસપાસમાં | ૧૮ |
| વરસાદ | ૨૦ |
| વરાપ થયો | ૨૭ |
| ટેકરીની સમૃદ્ધિ | ૩૦ |
| મારું ઘર ગામ બહાર છે | ૩૨ |

કુલ નકલ ૯૦૫૫

પહેલી આવૃત્તિ
ત્રણ મુદ્રણ
કુલ ૪૬૦૫
[illegible]

બીજી આવૃત્તિ
પ્રથમ મુદ્રણ
૨૨૦૦ નકલો
મે ૧૯૩૫

બીજી આવૃત્તિ
દ્વિતિય મુદ્રણ
૨૨૫૦ નકલો
૧ : ૩ : ૪૧

# કુદરતમાં

## તારા ચકચકે છે.

તારા ચકચકે છે.
સૂરજ ઝળહળે છે.
આંખો તગતગે છે.
આકાશે મેઘ ગડગડે છે.
વનમાં વા સૂસવે છે.
પાન ખરખર ખરે છે.
સાપ સળળળ કરતો જાય છે.
વરસાદ ઝરમર ઝરમર વરસે છે.
ચોર ખડખડ ખડખડ ખોદે છે.
ઉંદર દડબડ દડબડ દોડે છે.

કડકડતી ટાઢ પડે છે.
ભડભડતી આગ બળે છે.
ધડધડતો ધોધ પડે છે.
પાણી ખળખળ જાય છે.
રોટલા ટપટપ થાય છે.
ડોશી ટકટક કરે છે.
ધાણી તડતડ ફૂટે છે.
રામુ ખડખડ હસે છે.
નાથો બકબક કરે છે.
લાખો લખલખ કરે છે.
બિલાડી ચપચપ ચાટે છે.
ડીમો ડચડચ બોલે છે.
નાથી રમઝમ ચાલે છે.
હાથી ધમધમ ચાલે છે.
માખી ગણગણે છે.
મચ્છર બણબણે છે.

# ઝાડ હતું.

ઝાડ હતું. ડાળીઓ હતી. પાંદડાં હતાં.

વા વાય ને પાન ડોલે.

ટાઢ વાય ને પાન ધ્રૂજે.

મે' વરસે ને પાન નહાય.

તડકો પડે ને પાન સૂકાય.

પાનખર આવી; પાંદડાં ખરવા માંડયાં. એક પડયું, બે પડયાં, ત્રણ પડયાં; કેટલાં યે પડયાં; બધાં યે પડયાં.

ઝાડ હતું, ડાળીઓ હતી; પાંદડાં ન હતાં.

વા વાય પણ કોણ ડોલે?
ટાઢ પડે પણ કોણ ધ્રૂજે?
વરસાદ આવે પણ કોણ નહાય?
તડકો પડે પણ કોણ સુકાય?

વસંત આવી. પાંદડાં આવવા લાગ્યાં. એક આવ્યું, બે આવ્યાં, ત્રણ આવ્યાં; કેટલાં યે આવ્યાં; બધાં યે આવ્યાં.

વા વાયા ને પાન ડોલ્યાં.
ટાઢ પડી ને પાન ધ્રૂજ્યાં.
મેં વરસ્યો ને પાન નહાયાં.
તડકો પડ્યો ને પાન સૂકાયાં.

ઝાડ હતું. ડાળીઓ હતી. પાંદડાં હતાં.

## ટાઢ ઊડી.

કડકડતી ટાઢ પડી.
સૂસવતો વા વાયો.
હાથપગ ધ્રૂજ્યા ને
દાઢી ડગડગી.

બળબળતી સગડી તાપ્યાં.
વાતોનાં ગપ્પાં હાંક્યાં.
ગરમ કપડાં પહેર્યાં ને
શાલ દુશાલા ઓઢ્યા.

ટાઢ ઊડી ને વસંત બેઠી.
ઠંડી નથી લાગતી.
સગડી નથી તાપતા.
ગરમ કપડાં કાઢી નાખ્યાં.
શાલ દુશાલા મૂકી દીધા.

# વસંત બેઠી.

વસંત બેઠી. આંબે મોર આવ્યો. આંબાવાડિયું મઘમઘી રહ્યું. આંબેઆંબે ને ડાળેડાળે કોયલો કૂંજી રહી.

વસંત બેઠી. પીંપરને નવાં પાન આવ્યાં. લીંબડે કૂંપળ કાઢ્યાં. ખાખરે કેસૂડાં ખીલ્યાં. ઝાડેઝાડે ડાળેડાળે વનસ્પતિની વાણી ફૂટી.

વસંત બેઠી. મોર ટૌકયો. ચકલી ચકચકી. દેવચકલી બોલી. ઝાડેઝાડે ડાળેડાળે પક્ષીગાન થઈ રહ્યું.

વસંત બેઠી. ટાઢ ઊડી. ગુલાબી ઠંડી આવી. ઝાકળ ગઈ. ખુશનુમા વા વાયા. ઉષાના રંગ બદલાયા. કોમળ મધુર સૂરજ ઊગ્યો. ઝાડેઝાડે ડાળેડાળે પીળો તડકો પડવા લાગ્યો.

વસંત બેઠી.

ઝાડે નવાં પાન આવ્યાં. પક્ષીકંઠે ગાન આવ્યાં. કુસુમકળીઓ ઊઘડી ગઈ. આંબે મોર ને લીમડે કોર આવ્યા.

વસંત બેઠી, વસંત બેઠી.

# વા આવ્યો ને ધૂળ ઊડી.

ભાલની ધૂળ: ખારની ધૂળ. ખોબા બે ખોબા નહિ, ગાડેગાડાં નહિ, ધૂળનો દરિયો જ કહોને! દરિયો ઊછળે એમ ધૂળ ઊછળે.

વા આવ્યો ને ધૂળ ઊડી. ચડી ઊંચે ઊંચે. થયો ધૂળનો વંટોળિયો. વા ગોળ ગોળ ફરતો જાય ને ધૂળ ઊડતી જાય. ધૂળનાં જાણે મોટાં ભૂંગળાં ને ભૂંગળાં!

વા વાયો ને ધૂળ ઊડી.

ચારેકોર ઊડી: ધૂળધૂળ! ધૂળનો ધુમ્મસ. ધૂળનો વરસાદ. ધૂળમાં કાંઈ દેખાય તો કે?

સર્રર્ર કરતો વંટોળિયો આવ્યો ને બારી-બારણાં ફટાક ફટાક ભટકાવા લાગ્યાં. એ.... બધું ઊડવા લાગ્યું. લૂગડાં ઊડ્યાં; કાગળિયાં ઊડ્યાં; ઘરમાં બધું રડબડ થઈ પડયું.

એકદમ બારણાં બંધ પણ કેવી રીતે કરવાં? ત્યાં તો ધૂળ ને પવન ઘરમાં પેસી ગયાં. ઘર આખું ધૂળ ધૂળ!

વા વાયો ને ધૂળ ઊડી.

મોઢા આગળ ધૂળ ને વાંસે વા. એ... ચાલ્યો મોટો ધૂળનો તાબૂત! એ ઊપડયું મોટું ધૂળનું વાદળ. એ પણે રહ્યા ધૂળના હાથી. ધૂળના મોટા ગોટેગોટા.

વા વાયો ને ધૂળ ઊડી.

ઝાંખરાં ઊડયાં, જાળાં ઊડયાં, કાગળ ઊડયા, કો'કનાં સૂકવેલાં લૂગડાં ઊડયાં; ઝીણી ઝીણી કાંકરીઓ પણ ઊડી. નબળાં પાતળાં

રડબડ થઈ પડયું=વેરણછેરણ થયું.

છોકરાં ય ઊડયાં! જાય બધું ભાગ્યું. મોટું જબરૂં વાવાઝોડું, મોટું જબરૂં ધૂળઝોડું!

વા વાયો ને ધૂળ ઊડી. ચારેકોર, બસ, ધૂળ, ધૂળ!

અગાશીમાં ધૂળ, ફળિયામાં ધૂળ, રામજી ભટની પાઘડીમાં ધૂળ, સમરથ વહુના છાણના સૂંડલામાં ધૂળ, સુખલાના એકામાં ધૂળ, હરિ માળીનાં ફૂલમાં ધૂળ, વાણિયાના હાટમાં ધૂળ, બ્રાહ્મણના લોટમાં ધૂળ, સોનીની દુકાનમાં ધૂળ, ગાંઠિયા ઉપર ધૂળ, પેંડા ઉપર ધૂળ, વોરાજીની રેંકડીમાં ધૂળ. ધૂળ, ધૂળ, નરદમ ધૂળ! શેરીમાં ધૂળ, ચોટે ધૂળ, ભાગોળે ધૂળ!

વા વાયો ને ધૂળ ઊડી: ઊડી તે ઊડી!

# વા વાયા ને વાદળ ઊમટ્યાં.

વા વાયા ને વાદળ ઊમટ્યાં. વીજળી થઈ ને મે' ગાજ્યા: સબાક સબાક! ગડુડુડુ ગડુડુડુ!

ઘડીકમાં તૂટી પડ્યો. નેવાંમાં પાણી, ફળિયામાં પાણી, શેરીમાં પાણી, સીમમાં પાણી; ચારેકોર પાણી, પાણી!

નદીનાળાં ઉભરાઈ ગયાં, તળાવકૂવા છલી વળ્યા, ધરતીમાતા રેલી વળી.

વા વાયા ને વાદળ વીંખાયાં. વીજળી ગઈ ને મે' ઊકલ્યો. સબાક સબાક! ગડુડુડુ ગડુડુડુ!

ઘડીકમાં તો ઉઘાડ: એકે વાદળું ન મળે!

સૂરજ દેખાયો ને કાચબી તાણી.

ઊમટ્યાં=ઊખળ્યાં. કાચબી=મેઘધનુષ્ય.

મોરબપૈયા ટૌકયા.
ચકલીકાબર ઊડયાં.
કોયલગાન કૂજ્યાં.
ચારે કોર લીલાલહેર.

ઝાડપાન લીલાં લીલાં;
ખેતરપાદર ભીનાં ભીનાં.

નાની નદી ચાલી જાય,
શેરીમાં એ રમતી જાય;
ખળખળ પાણી ચાલ્યાં જાય,
નાનાં છોકરાં નહાવા જાય.
નાહી નાહીને બહાર આવ્યાં,
ચૂંદડીબૂંદડી કરવા લાગ્યાં;
પરપોટાને ગણવા લાગ્યાં;
જૂનાં ગીતો ગાવા લાગ્યાં:

“ આવ રે વરસાદ; ઘેબરિયો પરસાદ,
ઉની ઉની રોટલી ને કારેલાંનું શાક;
આવ રે વરસાદ, નેવલે પાણી;
નઠારાની છોકરીને દેડકે તાણી. ”

# વરસાદ વરસ્યો ને પૂર આવ્યું.

વરસાદ વરસ્યો ને પૂર આવ્યું. બે કાંઠા છલોછલ.

નવાં પાણી આવ્યાં; ડોળાં પાણી આવ્યાં; હસતાં હસતાં આવ્યાં; રમતાં રમતાં આવ્યાં.

નાનાં છોકરાં કાંઠે નહાય;
મોટાં છોકરાં તરવા જાય.
મા દીકરી પાણી ભરે;
મોટી મોટી ભેંશો તરે.

ગાયનો ગોવાળ આવ્યો; ગાયો લાવ્યો.
ભેંશનો ગોવાળ આવ્યો; ભેંશો લાવ્યો.
બકરાંનો ગોવાળ આવ્યો; બકરાં લાવ્યો.
ઊંટનો ગોવાળ આવ્યો; ઊંટ લાવ્યો.
ત્રોહ ત્રોહ ત્રોહ ! પોહ પોહ પોહ !

ચકલી ચપચપ નહાય.
ચકલો છબછબ નહાય.
બ્રાહ્મણ હરહર નહાય.
પાણી સરસર જાય.

ધોબીડો ધુવે છે, ખળખળ પાણી જાય છે.
ધોબીડો ધુવે છે, ખળખળ પાણી જાય છે.

* * *

ઉનાળો આવ્યો ને તડકા પડ્યા. બે કાંઠે રેતી ઊડે. જૂનાં પાણી સુકાયાં; આછાં પાણી સુકાયાં. રડતાં રડતાં ગયાં; બળતાં બળતાં ગયાં.

નાનાં છોકરાં ખાડે નહાય;
મોટાં છોકરાં કૂવે નહાય.
મા દીકરી પાણી ભરે;
વીરડે વીરડે પાણી મળે.

ગાયનો ગોવાળ શાનો આવે? પાણી વિના.
ભેંશનો ગોવાળ શાનો આવે? પાણી વિના.
ઊંટનો ગોવાળ શાનો આવે? પાણી વિના.
ત્રોહ ત્રોહ ત્રોહ શાનો બોલે? પાણી વિના.
પોહ પોહ પોહ શાનો બોલે? પાણી વિના.

ચકલી ધૂળમાં નહાય.
ચકલો ધૂળમાં નહાય.
બ્રાહ્મણ ઘેર બેઠા નહાય;
કાંકરા કડ કડ થાય.

ધોબીડો ધુવે નહિ,
ખળખળ પાણી જાય નહિ.
ધોબીડો ધુવે નહિ,
ખળખળ પાણી જાય નહિ.

* * *

પાછો વરસાદ વરસ્યો ને પૂર આવ્યું. અને કાંઠા છલોછલ!

# આસપાસમાં

આકાશમાં વાદળાં છે. ક્યાંઈ સૂરજ દેખાતો નથી. અજવાળું ઝાંખું ઝાંખું છે. કોઈ વાદળાં ચાલતાં દેખાય છે, કોઇ ચાલતાં નથી. કોઇ વાદળાં કાળાં છે, કોઇ જરા જરા ધોળાં છે.

કાબરનો કિલકિલાટ સંભળાય છે. પણે દૂર કાગડા કૌ કૌ કરે છે. પેલા ઝાડ પર કોયલ કૂઊ....કૂઊ...કરે છે. એક ટીટોડી ટ્વી વી કરે છે. કબૂતર આકાશે ઊડે છે.

પવન થોડો થોડો વાય છે. ઝાડનાં પાંદડાં હલે છે. નાનું નાનું ખડ પણ હલે છે. પવન નથી આવતો ત્યારે બધાં ઝાડ પાછાં સ્થિર થઈ જાય છે, શાંત ઊભાં રહે છે.

વરસાદના દિવસો છે. જમીન બધી લીલી લીલી થઈ ગઇ છે. કોઇ કોઇ પક્ષીઓ એના ઉપર બેસી ઊડી જાય છે.

પેલો ભરવાડ ગાયોને લઇ સીમ ભણી જાય છે. પણે સાહુળની દીકરી દૂધ લઈને નીકળી છે. પેલી સડક ઉપર બે ગાડાં ખેતરે જાય છે.

# વરસાદ

વરસાદની રાહ જોવાતી હતીઃ કાગને ડોળે રાહ જોવાતી હતી. વળી કયાંઈક નહિ આવે ને દુકાળ પડશે તો ? માણસનું તો ઠીક, પણ ઢોરઢાંખરનું શું થશે ? ખડ અને પાંણી વિનાં મૂંગા પ્રાણી મરી જશે.

એટલામાં વા વાયો ને વાદળાં ઊમટ્યાં. જાણે મોટા લશ્કરના ઉપરીએ મોટું રણશિંગું ફૂંક્યું. ચારેકોરથી વાદળાં ભેગાં થવા લાગ્યાં. ભેગાં થઇને ગોઠવાવા લાગ્યાં. થર ઉપર થર જામી ગયા. આભ આખું ઘેરાઇ ગયું. કાળું શ્યામ થઇ ગયું.

પક્ષીઓ માળે જવા લાગ્યા. ઢોરઢાંખર, બકરાંબાકરાં પાછાં વળ્યાં. સીમ અને રસ્તા ઉપર, ઘરમાં ને બહાર અંધારપછેડો પથરાયો.

આ ઘડીએ વરસાદ તૂટી પડશે—ને વરસાદ તૂટી પડ્યો. તૂટી પડ્યો એટલે તૂટી જ પડ્યો. અદ્ધરથી તૂટીને નીચે જ પડ્યો. નીચે એટલે છાપરા પર, સડક પર, સીમ પર, ગામ પર, ગાડાં પર, ખાડા પર: ઉપર, ઉપર ને ઉપર: પડ્યો, પડ્યો ને પડ્યો !

નળિયાં ઉભરાઈ ગયાં, ખાડા ભરાઈ ગયા. નીકોનાળાં છલી વળ્યાં. જ્યાં દેખો ત્યાં પાણી, પાણી ને પાણી ! આખી ધરતી જળબંબોળ, જળબંબોળ !

વરસાદ વરસતો હતો: એકધારો વરસતો હતો, એક શ્વાસે વરસતો હતો, ધમધોકાર વરસતો હતો. ત્યાં વા વાયો ને તોફાન ઊપડ્યું.

વા અને વરસાદ: એકને બદલે બે થયાં. એક ઝપાટો, બે ઝપાટા, ચાર ઝપાટા; ઝપાટા

છલી વળ્યાં=ઉભરાઈ ગયાં.

ઉપર ઝપાટા. વા આમ વાય ને વરસાદ આમ વરસે; વા તેમ વાય ને વરસાદ તેમ વરસે. ચારેકોર ભીનું ભીનું. એકે ઓશરી ખાલી ન મળે. એકે ભીંત કોરી ન મળે!

દિવસ અને રાત સૂ, સૂ, સૂ! કાન પડ્યું ન સંભળાય. કામ તો સૂઝે જ શાનું? બારી ને બારણાં ઉઘાડો તો પાણીના ઝપાટા ઠેઠ ઓરડામાં પેસી જાય, ને ઘર પલાળે. ન ઉઘાડો તો અંધારૂં, અંધારૂં, અંધારૂં!

ઉપરથી ટપક ટપક ટપક ચૂવાનું તો ચાલુ જ હતું. એમાં વળી ઝાપટ લાગી ને નળિયાં ખસ્યાં. નર્યા ચૂવા ચૂવા! ગાદલાં ઉપર એક ચૂવો, પાટ ઉપર બે ચૂવા, ઓશરીમાં ચાર ચૂવા, રસોડામાં પાર વિનાના. ચૂલામાં રાખે ભીની, ઓરડીમાં છાણાંય ભીનાં, બાકસમાં દીવાસળી પણ ભીની; માથું ભીનું, પગ ભીના, કપડાં ભીનાં એની તો કાંઈ વાત નહિ!

એ પવન ને એ વરસાદ! ત્યાં છત્રીનાં કામ નહિ. આ જરાક ચાલ્યા કે છત્રીનો કાગડો.

ત્યાં ગૂણિયાના યે ભાર નહિ. આ જરાક ફર્યા કે ગૂણિયું પાણીથી રસબોળ. ત્યાં ધાબળા કામળાનાયે શા દૈ'ન? આખરે તો એ યે બિચારા ભીના ભીના. ને ભીના એટલે તો બે મણનો ભાર ઉપાડવો. વરસાદમાં રેઈન-કોટ કેટલું કરે? એ ય બિચારો મોળો નીવડ્યો. ત્યાં તો એમ હતું કે કાં તો ઘરમાં બેસો ને કાં તો આમ ભીના ફરો!

વરસાદ પડ્યા જ કરતો હતો. વા વાયા જ કરતો હતો. હલી હલીને ઝાડપાન થાકી ગયાં; નાહી નાહીને ટેકરા ટેકરી ધરાઈ ગયાં; ભરાઈ ભરાઈને નદીનાળાં ઉભરાઈ ગયાં; પલળી પલળીને કરા ભીંતો પોચાં થયાં.

જોરથી વા વાયો ને એક ભીંત પડી: કુડુડુ ભુસ. ઈંટનો મોટો ઢગલો. છાપરું અદ્ધર લટકી રહ્યું. બીજી ભીંત તૈયાર હતી; ત્રીજી ભીંતે ય તડ પડી. એક ઘરે નહિ પણ ઘણાં ઘર:

દૈ'ન=મગદૂર: તાકાત.
રેઈન-કોટ=વરસાદમાં ન પલળવા માટે પહેરવાનો મોટો લાંબો કોટ.

નાનાં ઘર ને મોટાં ઘર, માળવાળાં ને બેઠેલાં, એમ બસો ઘર બેસી ગયાં. શું પવનનું જોર શો વરસાદનો મારો! સારૂં થયું કે કોઈ દબાયું નહિ; કોઈ મરી ન ગયું.

વરસાદ ને વા! જવું યે કયાં ને બેસવું યે કયાં? સૌ સૌના ઘરમાં ઘડીક આમ જાય ને ઘડીક તેમ જાય. ઘરમાં બેઠાં યે લખવું વાંચવું, કે ભરવું ગૂંથવું, કે રમવું કરવું સૂઝે તો કે? એક રાંધ્યા વિના ને બહાર ગયા વિના ન ચાલે. અણછૂટકે એ કરવું પડે.

એક નાનાં છોકરાં ગમ્મતમાં. એને મન નવી નવાઈ. ઘડીક બહાર જાય ને ઘડીક ઘરમાં આવે. વારે વારે પલળીને આવે ને બા બાપાનો ઠપકો સાંભળે. વારે વારે ભીનાં થાય ને વારે વારે કોરાં. તો યે પાછા એ ભગવાન એના એ! છોકરાંની જાત! ઘર પડયું ને કયાં રાંધવું? છોકરાંને એની શી ચિંતા? ચૂવા થાય છે ને સૂશું કયાં? છોકરાંને એની શી ફિકર? એ તો ભૂખ લાગે ત્યારે ખાવા માગે ને ઊંઘ આવે ત્યારે સૂવાનું પૂછે.

વરસાદ તે કાંઈ વરસ્યો! બધાંય કહેઃ "હવે તો ભાઈ રહે તો સારું. આ ભીનાડું હવે તો નથી ખમાતું. આ ભીનાં લૂગડાં સૂકવવાં કેમ? આ ગાદલાં ગોદડાં ગારા જેવાં ને સૂવું કેમ? આ આખો દહાડો અંધારૂં તે કેમ ગમે? આ દિવસ આખો ટપક ટપક ને ટપક; ખડખડ ભડભડ; સૂ, સૂ ને સૂ. આ તો ભાઈ કંટાળ્યા! આમાં પગે પણ ક્યાં દેવો? જ્યાં જુઓ ત્યાં ગારો ગારો ને ગારો. આ તો ભાઈ કંટાળ્યા!

થાક્યાપાક્યા સૂઈ ગયા. રાત આખી વરસ્યા કર્યું. ધરાઈ ધરાઈને વરસી લીધું. વા બદલ્યો ને વાદળાં વીંખાયાં. ધીમે ધીમે વરસવા લાગ્યો. ટપક ટપક ટપકવા લાગ્યો. ફૂણુ ફૂણુ આવવા લાગ્યો. છેવટે તો સાવ બંધ પડ્યો. વાદળાં ખસી ગયાં; આભનો રંગ બદલાયો. કાળો મટી ધોળો થયો. ઘેરો મટી આછો થયો.

આંખ ઊઘડી. અવાજ ન હતો. ટપટપાટ ન હતો. નળિયામાંથી તેજ આવતું હતું. ઝાંખાં

ભીનાડું=ચાર તરફ ભીનું હોવું તે.

ચાંદરણાં પડતાં હતાં.

હાશ! સૂરજ ભગવાન ઊગ્યા લાગે છે. હાશ! મેઘરાજ રહી ગયા છે. હાશ! પવનરાજ પડી ગયા છે.

ઊઠીને બહાર ગયા. સૂરજનારાયણ ઝાંખા ઝાંખા ઝળકતા હતા. નવી નવી હૂંફ લાવતા હતા. ભીની ટાઢ ઉડાડતા હતા.

ઝાડપાન ડોલી રહ્યાં, ધરતીમાતા હસી રહ્યાં, માણસ બધાં મલકી રહ્યાં, છોકરાંછૈયાં કૂદી રહ્યાં.

સૂરજ ઊગ્યો, સૂરજ ઊગ્યો, સૂરજ ઊગ્યો!

## વરાપ થયો.

વા વાયા ને વાદળાં વીંખાયાં. સૂરજ ઊગ્યો ને તડકો આવ્યો.

વરાપ થયો, વરાપ થયો, વરાપ થયો! બધાં ખુશખુશ થઈ ગયાં.

નાનાં છોકરાં કૂદાકૂદ કરતાં ઘર બહાર દોડયાં અને રેતીમાં કૂબા કરવા માંડયાં; નાના નાના પાણી ભરેલા ખાડામાં કાગળની હોડી તરાવવા લાગ્યાં; ઝીણી ઝીણી કાંકરીઓ નાંખી પાણીમાં કૂંડાળાં પાડવા લાગ્યાં.

ધરતી સુકાવા લાગી, કપડાં કોરાં થવા લાગ્યાં, ખેતર સૂકું થવા માંડયું. ગામનો ગારો ને સીમનાં પાણી પણ સુકાવા લાગ્યાં. ચારેકોર

---

વરાપ=વરસાદ પછીનો ઉઘાડ.

ઉનું ઉનું થવા લાગ્યું.

માળામાંથી ચીં ચીં કરતી ચકલી ને ધુધુ...ધુ કરતું હોલું નીકળ્યું. ચકલી ઈયળો શોધવા લાગી; હોલું તડકામાં છાપરે બેસી ' તેજી કુઈ તેજો કુવો ' બોલવા માંડયું.

કાગડા નીકળ્યા, કોયલો નીકળી, મોર ટૌકયા, બુલબુલ બોલ્યાં, પોપટ ઊડયા, મેના ઊડી. ચારેકોર ઊડાઊડ થઈ રહી. નાના નાના છોડ નાચ્યા, મોટાં મોટાં ઝાડ વીંઝયાં. ચારેકોર નાચાનાચ ને ડોલાડોલ થઈ રહી.

પતંગિયાંનો મેળો મળ્યો: ઊડાઊડ અને દોડાદોડ ચાલી. આ ફૂલેથી પેલે ફૂલે, ને પેલે ફૂલેથી આ ફૂલે. કેટલીય જાતનાં પતંગિયાં આવી ચડયાં.

કોણ જાણે ક્યાંથીયે આવ્યાં હશે. કોણ જાણે કેવી રીતે એના રંગો થયા હશે. કોણ જાણે કોણે એની સુંદર પાંખો બનાવી હશે.

કીડીઓ તો ચારેકોર ઉભરાઈ જ નીકળી. દરમાં પાણી પેસી ગયું હતું એટલે બિચારી

ઘર ફેરવતી હતી. કોઈકે કણ ઉપાડયા હતા, કોઈકે કૂદડાંની પાંખ ઉપાડી હતી, કોઈકે ગોગલો ઉપાડયો હતો; કેટલી યે કીડીઓ તો મોઢામાં પોતાના ઈંડાં લઈને ચાલી જતી હતી.

નાનાં નાનાં મખમલિયાં, કાળી કાળી ભરવાડો ને ઝીણાં ઝીણાં જીવડાં ચાલી મળ્યાં હતાં.

ગાયો ચરવા નીકળી, ભેંશો તપવા બેઠી, બકરાંમેંઢાં બેં બેં કરી કૂદવા લાગ્યાં; ભરવાડ લાંબો પડીને તડકામાં તાપવા લાગ્યો.

ચારેકોર ગેમે થઈ રહ્યું હતું.
ચારેકોર હૂંફાળું હતું.
ચારેકોર ઉનું ઉનું હતું.
વરાપ થયો હતો.

ગેમે=આનંદ, મજા.

## ટેકરીની સમૃદ્ધિ

ટેકરા ટેકરીના કાંકરા કાંકરીઓ
આવળ બાવળનાં ફૂલડાં,
થોર આકડાનાં ડીંડલાં,
ઊંધીફૂલી ને સૂર્યમુખી,
કણુજર કાંકો ને તાંદળજો,
પીળી વેલ ને ભૂખરી વેલ,
કીડામાર ને ગોખરૂ,
ચીભડાજી ને ભીંડાજી;

ફૂતાં, બોરડી ને ભોરીંગણી,
કેરડાં ને કુંવાર,
અડદાળો ને પીતપાપડો:
આ બધી છે ટેકરીની સમૃદ્ધિ—
કુદરતે વેરેલી: છૂટે હાથે આણેલી.
એનું છે આ મંડળ,
એનો છે આ શણગાર,
એની છે આ ગોઠવણ,
એની છે આ ઉજાણી,
એનો છે આ જલસો!
નર ને આ નારીઓ!
બાળકો ને આ બાળકીઓ!
જોશો ને વખાણશો.

# મારૂં ઘર ગામ બહાર છે.

મારૂં ઘર ગામ બહાર છે. ઘર એટલે એક લાંબો એવો ઓરડો. એને એટલી બધી બારીઓ છે કે કોઈ એને બારીઓનું ઘર કહે.

ઓશરીમાં ઊભો રહું તો દૂર દૂર દરિયો દેખાય. એક વહાણ આમ જતું હોય અને બીજું વહાણ આમ જતું હોય. બેઉ વહાણ સામેસામે આવે ત્યારે એક જ વહાણ દેખાય. મોટી આગબોટો આવી હોય ને કાળા ધુમાડા કાઢતી હોય, ત્યારે દરિયા પરનું આકાશ કાળી છત બની રહે.

દરિયાના રંગો વખતે વખતે બદલાય. સવારે ઊગતા સૂરજના તડકામાં આછાં ગુલાબી

છત=ચંદરવો.

મોજાં ઊછળે. તડકો તપે એટલે દરિયો રૂપેરી ચાદર બને. સૂરજ માથે આવે ત્યારે દરિયો બીજું આકાશ થાય. પાણી બધાં ભૂરાં ભૂરાં દેખાય. ટાઢો નમે એટલે દરિયાનાં ડહોળાં પાણી ચળકે. સાંજ પડે, સૂરજનાં કિરણો નાની મોટી ટેકરીઓ રંગે, ઝાડનાં પાંદડાંને છેલ્લો પ્રાણ આપે, ત્યારે દરિયાનાં પાણી કંઈક લાલ, કંઈક ભૂરાં ને કંઈક વિવિધરંગી એવાં દેખાય.

ઓશરીની કોર ઉપરથી આ બધું દેખાય. રાત પડે ને ઓશરીની કોર ઉપર ઊભો રહું તો અંધારી રાતે દરિયો પણ અંધારો. કાળી જમીન, કાળું પાણી, કાળાં ઝાડ, કાળું આકશ, બધું કાળું કાળું.

પૂનમની રાતે જાણે દરિયાનાં પાણી રૂપાએ રસેલાં. પાછલી રાતના ઊગતા ચંદ્રના પ્રકાશમાં દરિયો આછો ધોળો, ઝાંખો ભૂરો લાગે. આગલી રાતમાં ચોથ પાંચમની ચાંદનીમાં દરિયાનાં પાણી સહેજ આછા ચળકે.

પાછલી બારીએ ઊભો રહું તો દૂર દૂર

ડુંગરની હાર દેખાય. ઉનાળાની બપોરે એની સામે ય કોણ જુએ ? આંખો બળી જાય. ઝાડ-પાન, પશુપક્ષી, બધું તપતું હોય. ડુંગરા તો તપી તપીને તપી ઊઠ્યા હોય.

પણ શિયાળાની સવારે જુઓ તો ઉપર ભૂરૂં આકાશ ને સામે ભૂરી ડુંગરમાળ. આંખને આરામ આપે.

ચોમાસામાં ડુંગરની શોભા ઓર થાય ! ઘરથી તે ડુંગર સુધીની ધરતી લીલી લીલી. ડુંગર જાણે લીલો. ચારેકોર લીલું લીલું. બારી-માંથી જાણે જોયા જ કરૂં. એમ તો સાંજ, સવાર, બપોર, મધરાત ડુંગરા જુદા જુદા દેખાય.

મારૂં ઘર ગામ બહાર છે. દૂર દૂર છે. બારીઓ તો એટલી બધી કે કોઇ તો એને બારીનું જ ઘર કહે.

ત્યાંથી દરિયો ને ડુંગરા જોઉં છું. એ મારા આરામ છે, એ મારા વિરામ છે.

# શ્રીદક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા

## ૮૦ પુસ્તકો.

સંપાદકો: ગિજુભાઇ અને તારાબેન

આખા સેટના રૂા. ૬-૪-૦: પોસ્ટેજ જુદું

છૂટક નકલના દરેકના ૦-૧-૬

| | |
|---|---|
| ૧ ગણપતિ બાપા | ૧૯ ગધેડું |
| ૨ ચેલૈયો | ૨૦ ચીડિયાખાનું |
| ૩ ઉભું હતું, ઉભું હતું | ૨૧ મહાસભાઓ |
| ૪ હજામડી | ૨૨ કહેવતનાં મૂળ |
| ૫ કબાટ | ૨૩ ગપગોળા |
| ૬ બાળકોનો બીરબલ-૧ | ૨૪ આફ્રિકા સાંભર્યું |
| ૭ ગોપીચંદ | ૨૫ શબ્દપોથી |
| ૮ બાળનાટકો-૧ | ૨૬ વાક્યપોથી |
| ૯ હંસ અને હંસા | ૨૭ ચિઠ્ઠીપોથી |
| ૧૦ તિરંદાજ | ૨૮ નાના પાઠો |
| ૧૧ ગામડામાં મળજો | ૨૯ મોટા પાઠો |
| ૧૨ બાળપ્રવાસો | ૩૦ નાની વાતો |
| ૧૩ મારા ગોઠિયા | ૩૧ ઘરમાં |
| ૧૪ જરા હસો | ૩૨ આંગણામાં |
| ૧૫ ક્યાંથી આવ્યાં | ૩૩ શેરીમાં |
| ૧૬ મકનો અને રાક્ષસ | ૩૪ બાળશાળામાં |
| ૧૭ રૂપસિંહ ને રામસિંહ | ૩૫ ગામમાં |
| ૧૮ ટપાલની પેટી | ૩૬ ફરવા જઇએ |

૩૭ જુગતરામના પાઠો
૩૮ ભોં ભોં ભોં
૩૯ ગધેડું ને ઘોડું
૪૦ દાદા દર્શને
૪૧ બાળનાટકો–૨
૪૨ સવારથી માંડીને
૪૩ કુદરતમાં
૪૪ મોતિયો
૪૫ રામજીભાઈ પડી ગયા!
૪૬ મંગેશનો પોપટ
૪૭ ધોબીડો ધુએ છે
૪૮ પીરૂ અને–
૪૯ છાણાં થાપી આવ્યાં
૫૦ મામાની જાળ્ય
૫૧ વાડામાં
૫૨ રોજનીશી
૫૩ બાળકોનો બીરબલ–૨
૫૪ છેટાં રહેજો માબાપ
૫૫ મારી ગાય
૫૬ કમળાબેનના પાઠો
૫૭ ગિરિશિખરો
૫૮ કાળા હાથ, કાળી દાઢી
૫૯ ખળાવાડ
૬૦ પૂછું ?
૬૧ ઓતરાતી દીવાલો–૧
૬૨ ઓતરાતી દીવાલો–૨
૬૩ બુદ્ધચરિત્ર
૬૪ ગુજરાત–મહારાષ્ટ્ર
૬૫ જોડકણાં
૬૬ કહેવત સંગ્રહ
૬૭ હરિશ્ચંદ્ર
૬૮ એમ કેમ ?
૬૯ સાજા રહીએ
૭૦ વ્યાકરણ પોથી
૭૧ વરત સંગ્રહ
૭૨ રમત જોડકણાં
૭૩ શિવાજી મહારાજ
૭૪ દૂહા અને સોરઠા
૭૫ વિનોદ ટૂચકા
૭૬ બાળકોના લેખો
૭૭ આપણે પોતે
૭૮ કાવ્યસંગ્રહ
૭૯ છેલ્લો પાઠ
૮૦ સંપાદકોનું કથન

# દરેક ઘરમાં હોવાં જ જોઇએ

## શ્રી દક્ષિણામૂર્તિ પ્રકાશન મંદિરનાં

### બાલસાહિત્યનાં તેમ જ બીજાં પુસ્તકો

| | | | |
|---|---|---|---|
| ૧ | બાલસાહિત્યમાળા પુ. ૧ થી ૮૦ના સેટના | | ૬–૪–૦ |
| ૨ | બાલસાહિત્યગુચ્છ પુ. ૧ થી ૨૫ના સેટના | | ૨-૧૧-૬ |
| ૩ | બાલસાહિત્યવાટિકા પુ.૧ થી ૩૫ના દરેકના | | ૦–૫–૦ |
| ૪ | બાળવાર્તા ભા. ૧ થી ૫ | શ્રી ગિજુભાઈ ,, | ૦–૬–૦ |
| ૫ | કિશોરકથાઓ ભાગ ૧–૨ | ,, ,, | ૦–૬–૦ |
| ૬ | રખડુ ટોળી ખંડ ૧–૨ | ,, ,, | ૦–૮–૦ |
| ૭ | ધર્માત્માના ચરિત્રો | ,, ,, | ૦–૮–૦ |
| ૮ | ઈસપનાં પાત્રો : ગધેડા | ,, ,, | ૦–૫–૦ |
| ૯ | બાળ લોકગીતસંગ્રહ ભા. ૧ થી ૨ દરેકના | | ૦–૩–૦ |
| ૧૦ | પ્રાસંગિક મનન | | ૦–૮–૦ |
| ૧૧ | મહાભારતના પાત્રો ભા. ૧ થી ૧૨ | શ્રી નાનાભાઈ | ૪–૦–૦ |
| ૧૨ | રામાયણના પાત્રો ૧ થી ૫ | ,, | ૧–૭–૦ |
| ૧૩ | હિંદુધર્મની આખ્યાયિકાઓ ખંડ ૧ થી ૨ | શ્રી નાનાભાઈ દરેકના | ૦–૮–૦ |
| ૧૪ | શરશય્યા પરથી | | ૦–૬–૦ |
| ૧૫ | બાલરામાયણ | | ૦-૧૦-૦ |
| ૧૬ | ભગવાન બુદ્ધ | | ૦–૩–૦ |
| ૧૭ | સૌ કે નાં પરાક્રમો | | ૦–૩–૦ |
| ૧૮ | રંગરેખા | સોમાલાલ શાહ | ૨–૮–૦ |

સોલ એજન્ટ્સ

**આર. આર. શેઠની કં.** બુકસેલર્સ–પ્રિન્સેસ સ્ટ્રીટ-મુંબઈ ૨